# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર

**જીસીસી પરિણામ જાહેરનામું :-** **ક્રમાંક:૨૫બ/જીસીસી/પરિણામ/૨૦૧૬/૯૬૫૧-૯૭૩૫**

રાજ્ય પરીક્ષા બોર્ડના તારીખ:-૧૭/૭/૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક: ૨૫બ/જીસીસી/ઓગષ્ટ-૨૦૧૬/૫૧૧૪-૫૨૧૩ અન્વયે જીસીસી (ટાઇપ/સ્ટેનો)ની પરીક્ષા ૨૯ ઓગષ્ટ ૨૦૧૬ થી ૧ સપ્ટેમ્બર ૨૦૧૬ દરમ્યાન લેવામાં આવેલ હતી. આ પરીક્ષાનુ પરીણામ તારીખ ૨૦/૧૦/૨૦૧૬ ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

સંબંધિત ટાઇપ અને સ્ટેનોની સંસ્થાઓએ પોતાની ઇન્સ્ટિટ્યુટનાં ગુણપત્રકો, પ્રમાણપત્રોનુ સીલબંધ કવર બોર્ડની અત્રેની કચેરીએથી મોકલી આપવામાં આવશે. ખાનગી વિદ્યાર્થીઓના ગુણપત્રકો અને પ્રમાણપત્રો બોર્ડની કચેરીએ રવાના કરવામાં આવશે.

જે ઉમેદવાર ગુણચકાસણી કરાવવા ઇચ્છતા હોય તેઓએ સંબંધિત સંસ્થા મારફત અને ખાનગી ઉમેદવારોએ સીધી બોર્ડની કચેરીમાં બોર્ડની વેબસાઇટ ઉપરથી મેળવેલ પરીણામના આધાર (બિડાણ) સાથે પરિણામની તારીખ થી દિન-૧૫માં અરજી સાથે " સચિવશ્રી,રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર" ના નામનો રૂ! ૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા)નો ડિમાન્ડ ડ્રાફ્ટ(ડી.ડી) (તારીખ ૫/૧૧/૨૦૧૬ સુધીનો) મોકલવાનો રહેશે. જે ઉમેદવારો પોતાની ઉત્તરવહિઓનુ પુન: અવલોકન કરવા ઇચ્છતા હોય તેઓએ સંબંધિત સંસ્થા મારફત અને ખાનગી ઉમેદવારોએ સીધી બોર્ડની કચેરીમાં બોર્ડની વેબસાઇટ ઉપરથી મેળવેલ પરીણામના આધાર (બિડાણ) સાથે પરિણામની તારીખ થી દિન-૧૫માં અરજી સાથે " સચિવશ્રી,રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર" ના નામનો રૂ! ૩૦૦/- (અંકે રૂપિયા ત્રણસો પુરા)નો ડિમાન્ડ ડ્રાફ્ટ(ડી.ડી) (તારીખ ૫/૧૧/૨૦૧૬ સુધીનો) મોકલવાનો રહેશે. તેઓની અરજી બોર્ડને તારીખ ૮/૧૧/૨૦૧૬ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાનો રહેશે. ત્યારબાદ આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી. જીસીસી પરીક્ષા ઓગષ્ટ-૨૦૧૬ ના પરીણામની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ભાષા અને શ.ઝડપ | પાસ | નાપાસ | ગેરહાજર | કુલ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| ૧ | અંગ્રેજી ટાઇપ-૪૦ | ૪૧૫ | ૧૨૬ | ૭૯ | ૬૨૦ | ૭૬.૭૧% |
| ૨ | અંગ્રેજી ટાઇપ-૫૦ | ૬૨ | ૩૮ | ૧૮ | ૧૧૮ | ૬૨.૦૦% |
| ૩ | અંગ્રેજી ટાઇપ-૬૦ | ૪૭ | ૨૬ | ૧૦ | ૮૩ | ૬૪.૩૮% |
| ૪ | ગુજરાતી ટાઇપ-૨૫ | ૪૬૬ | ૧૦૩ | ૮૭ | ૬૫૬ | ૮૧.૯૦% |
| ૫ | ગુજરાતી ટાઇપ-૩૫ | ૪૯ | ૬૦ | ૧૬ | ૧૨૫ | ૪૪.૯૫% |
| ૬ | ગુજરાતી ટાઇપ-૪૦ | ૯૩ | ૬૦ | ૧૦ | ૧૬૩ | ૬૦.૭૮% |
| ૭ | હિંન્દી ટાઇપ-૨૫ | ૧૩ | ૦૩ | ૦૦ | ૧૬ | ૮૧.૨૫% |
| ૮ | અંગ્રેજી સ્ટેનો -૬૦ | ૦૧ | ૭૦ | ૧૬ | ૮૭ | ૧.૪૧% |
| ૯ | અંગ્રેજી સ્ટેનો -૮૦ | ૪૮ | ૬૧ | ૧૮ | ૧૨૭ | ૪૪.૦૪% |
| ૧૦ | અંગ્રેજી સ્ટેનો -૧૦૦ | ૩૪ | ૧૩૨ | ૧૩ | ૧૭૯ | ૨૦.૪૮% |
| ૧૧ | અંગ્રેજી સ્ટેનો -૧૨૦ | ૧૭ | ૭૫ | ૧૧ | ૧૦૩ | ૧૮.૪૮% |
| ૧૨ | ગુજરાતી સ્ટેનો -૬૦ | ૧૨૦ | ૭૮ | ૪૦ | ૨૩૮ | ૬૦.૬૧% |
| ૧૩ | ગુજરાતી સ્ટેનો -૭૫ | ૨૦૬ | ૧૦૦ | ૩૧ | ૩૩૭ | ૬૭.૩૨% |
| ૧૪ | ગુજરાતી સ્ટેનો -૯૦ | ૧૮ | ૧૦૦ | ૦૯ | ૧૨૭ | ૧૫.૨૫% |
| ૧૫ | હિન્દી સ્ટેનો -૬૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦.૦૦% |
| ૧૬ | હિન્દી સ્ટેનો -૭૫ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૩ | ૦.૦૦% |
| | કુલ..... | ૧૫૮૯ | ૧૦૩૭ | ૩૫૮ | ૨૯૮૪ | ૬૦.૫૧% |

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર